## શાર્દૂલવિક્રીડિત (મ સ જ સ ત ત ગા)

શું મારે વદવું કળાતું નહિ જે, આનંદથી રીઝવે
કેવો આ ગમતો સંબંધ મનને, ના એ સમાયે મને
ભાવોએ ફુમકા વળી રણઝણે, સોહામણા સાજથી
કેવા એ સુર તો રહે મલપતા, ચોપાસ ઘૂમી વળે. ૧

કાંગારું કમનીય દોડતું અહીં, એવાજ દેશે રહે
નાનીશી ઉદરે રચેલ શુભએ, શોભે ઘણી ઝોળી
કેવી સુંદર છે વળી સવડ એ, માતા તણા પ્રેમની
વાત્સલ્ય વરસે સહુ અંતરથી, એવુંજ તારા પરે. ૨

વીત્યો કાળ વિદ્યાતણો બ્રિસબને, ક્યાંયે તું રાજી રહે
એના એ જળવારિચંદ્ર ધરતી, ઑસ્ટ્રેલિયા દેશમાં
સૌએ દે શુભ આશિષો મનભરી, રાખે તને હેતથી
હોંશેથી વસુધા કરી કુટુંબને, વાસીય ત્યાંની બની. ૩

કેવો એ ઘુઘવે રત્નાકર અહીં, કોડી દઈ બેચને
નીલું એ જળ ઉછળે ઉમંગથી, આમંત્રતું રેતથી
ક્યાં છે દૂર કશું વળી વસમું એ, પાસેજ છે પંથ એ
જોડાતાં પથ બેચના સરળ રે, સિદ્ધિ મળે દોડતી. ૪

કાંટાએ સુમનો બને પથ મહીં, ઝીલે સદા સ્મિતથી
જહૉન ઉત્તરા વરતી જહૉન મનથી, કેવી જગે જોડલી
જોડી, કંજર હેતથી વળગતાં, કેવાં તને લાડથી
મૃગાએ હરણાં શકુંતલા તણાં, એવાં વહાલાં તને. ૫

બેઠા એ ગણરાજ આ કંમ્પ્યુટરે, સાથે વળી મૂષકે
ચાલે એ નહિ એમના વિણ કશો, રિદ્ધિ સિદ્ધિ સાથમાં
સારાએ જગમાં મહેર કરતા, પ્રજ્ઞાતણા દેવતા
આશીષે તરશો તમે જગતમાં, લીલા લહેરે રહો. ૬

(પાછળ)

જીવો જીવન સાથમાં રસભર્યું, સાધો બધાં ધ્યેયને
તારાઓ નભથી જુએ મનભરી, જોડી રૂડી શોભતી
પૂછે છે પરસ્પરને વિસ્મયે, 'જોયાં રતિ કામને ?'
દીસે છે અહીં સહુ મરકતું, જોવા સહુ દોડતાં. ૭

ચોદીશે શરણાઈના સુર ગુંજે, વાગી રહે તાનમાં
એવા એ સુર સાથમાં મનતણા, નાચી રહે મોરલા
વાણીએ વિરમી જતી નિરખવા, જોતાં હસે તારલા
વ્યાપે છે સઘળે રૂડું મંગળને, આંખો ઠરે હોંશથી. ૮

પ્રેમલતા મજમુંદાર